RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૧૯ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળા:– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી. ૩૯ માં આવેલ નારાયણનગર (ફા.પ્લોટ નં.૭,૮) તથા મયુરનગર (ફા.પ્લોટ નં.૧૦)ની વચ્ચે આવેલ રસ્તો કેટલા ફુટનો છે ? વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની SMC/FAP/ નં.૪૧૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)ટી.પી.૩૯ માં આવેલ નારાયણ નગર (ફા.પ્લોટ નં.૭,૮) તથા મયુરનગર (ફા.પ્લોટ નં.૧૦)ની વચ્ચે આવેલ રસ્તો કેટલા ફુટનો છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૧૭૨ તા.૧–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ના તા.૩૦–૧૨–૧૧ થી મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૦૭ તા.૩–૧૨–૧૧ ની આપેલ માહિતી ની નકલ, ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૩–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી લીંબાયત ઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ટી.પી. ૩૯માં આવેલ નારાયણનગર (ફા.પ્લોટ નં.૭,૮) તથા મયુરનગર (ફા.પ્લોટ નં.૧૦)ની વચ્ચે આવેલ રસ્તો કેટલા ફુટનો છે ? મુદ્દા નં.૨ આ રસ્તા પર થયેલ બાંધકામોને આપના વિભાગ તરફથી આપવામા આવેલ વિકાસ પરવાનગી પત્રની નકલ તથા મંજુર પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.૩ ટી.પી. ૩૯નો વિસ્તાર આપના વિભાગના કયા કયા અધિકારી (ડે.ઈજનેર તથા જુની.ઈજનેર) ના કાર્યક્ષેત્રમાં આવે છે તેની વિગત આપશો તથા આ અધિકારીઓએ અત્યાર સુધીમાં રસ્તા પર ઉભા થયેલ આ બાંધકામો બદલ કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તમો લીંબાયત ઝોનની કચેરીએથી પાર્ટ પ્લાનની નકલ મેળવી રસ્તા અંગે માહિતી મેળવી શકો છો. તેવું સમય અવધિ બાદ તા.૩–૧૨–૧૧ ના પત્રથી જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા જણાવેલ તેમ છતા કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવા પ્રસ્તાવ કરેલ આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

અરજદાર જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર જાહેર માહિતિ અધિકારીનો કચેરી કામકાજ દરમ્યાન દિન–૭ માં સંપર્ક કરી માહિતી ત્રણેય મુદ્દા માટે મેળવી લેવા સ્વતંત્ર છે.

અરજદારનો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કર્યેથી હુકમની અમલવારી કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે.જાંગીડ,